# રાઈટ ટુ રિજેક્ટ : સુપ્રીમનો ઐતિહાસિક ચુકાદો

નવી દિલ્હી,તા. ૨૭

સુપ્રીમ કોર્ટે આજે ઐતિહાસિક અને સીમાચિન્હરૂપી ચુકાદો આપતા ચૂંટણી લડતા તમામ ઉમેદવારોને ફગાવી દેવાનો અધિકાર મતદારોને આપ્યો હતો. આની દૂરગામી અસર જોવા મળશે. વ્યવસ્થામાં ફેરફારની દિશામાં પણ આગળ વધી શકાશે. સુપ્રીમ કોર્ટે આજે કહ્યુ હતુ કે ભારતીય બંધારણ હેઠળ રાઈટ ટુ રિજેક્ટ મૂળભૂત અધિકાર મતદારોને છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમના નેતૃત્વમાં બેંચે આ ઐતિહાસિક ચૂકાદો આપતા કહ્યુ હતુ કે નકારાત્મક વોટીંગની જોગવાઈ ચૂંટણીમાં વધારે પારદર્શકતા લાવશે સાથે સાથે ચૂંટણીમાં સિસ્ટેમેટિક ફેરફાર તરફ દોરી જશે. રાજકીય પક્ષોને સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતારવા પડશે. એવું જાણવા મળી રહ્યુ છે કે આજના ચુકાદાને આગામી વિધાનસભાની ચૂંટણીમાં પણ અમલી બનાવવામાં આવશે. તેના આદેશમાં સુપ્રીમ કોર્ટે ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન અને મતપત્રોમાં વિકલ્પ તરીકે નન (કોઈ નહીં)ની પસંદગી કરવા મતદારોને મંજુરી આપી નેગેટિવ વોટીંગનો સમાવેશ કરવા ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આજે તમામ ઉમેદવારોને ફગાવી દેવાનો અધિકાર પણ મતદારોને આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને ખૂબ જ ઐતિહાસિક ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો આપતા કહ્યું હતું કે વ્યવસ્થામાં ફેરફાર કરવાની દિશામાં આ ચુકાદો દોરી જશે. સુપ્રીમ કોર્ટે પ્રથમ વખત નકારાત્મક મતદાન કરવાની મતદારોને મંજૂરી આપી દીધી છે. કોઈપણ ઉમેદવાર તેના મત માટે હકદાર નથી તેમ કહેનાર બટનનો ઉપયોગ પણ મતદારો કરી શકશે.

સુપ્રીમ કોર્ટે ઈવીએમ ઉપર અને મત પેપરો ઉપર નન ઓફ દ એબાઉ (એનઓટીએ) સ્વીચ ઉપલબ્ધ કરાવવા ચૂંટણી પંચને આદેશ કરી દીધો છે. સુપ્રીમના આ ચુકાદાથી ભારે ખળભળાટ મચી ગયો છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે મતદાનનો અધિકાર અને એનઓટીએ કહેવાનો અધિકાર મતદારોનો મૂળભૂત અધિકાર છે. બેન્ચે પોતાનું તારણ આપતા કહ્યું છે કે જ્યારે મોટી સંખ્યામાં મતદારો એનઓટીએ બટન ઉપર પોતાની ઈચ્છા વ્યક્ત કરશે ત્રે જ રાજકીય પક્ષોને સારા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતારવાની ફરજ પડશે. નકારાત્મક વોટિંગ ચૂંટણીમાં સિસ્ટેમેટીક ફેરફાર તરફ દોરી જશે. બેંચે એમ પણ કહ્યું છે કે એનઓટીએ વિકલ્પના અમલીકરણને લઈને ઘણા સમયથી માંગણી ઊઠી રહી હતી. સંબંધિત ગૃહોમાં મતદાન દરમિયાન સાંસદો અને ધારાસભ્યોને આપવામાં આવેલા ગેરહાજર રહેવાના વિકલ્પ ઉપર પણ ચર્ચા ચાલી રહી હતી. સુપ્રીમ કોર્ટે ઈવીએમ ઉપર એનઓટીએ બટનને અમલી બનાવાની દિશામાં આગળ વધવા ચૂંટણી પંચને આદેશ કર્યો છે. તબક્કાવાર રીતે આ દિશામાં આગળ વધવામાં આવશે. કેન્દ્ર સરકારને પણ તમામ પ્રકારની સહાયતા ચૂંટણી પંચને આપવા માટે કહેવામાં આવ્યું છે. ચીફ જસ્ટીસ પી સથાશિવમના નેતૃત્વમાં બેંચે કહ્યું છે કે નકારાત્મક મતદાર ચૂંટણીમાં પારદર્શકતા અને વ્યાપક પ્રમાણમાં ફેરફાર લાવશે. વ્યવસ્થાનો બદલવામાં પણ ફેરફાર થશે. ઉમેદવારોને ફગાવી દેવાનો વિકલ્પ મતદારો નક્કી કરી શકશે. બેંચે નોંધ્યું હતું કે નકારાત્મક મતદાનની વિચારધારા ૧૩ દેશોમાં અમલી છે. ભારતમાં પણ સંસદ સભ્યોને ગૃહમાં મતદાન વેળા ગેરહાજર રહેવા માટે બટન ઉપર નિશાન મૂકવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. કોર્ટે કહ્યું હતું કે ચૂંટણીમાં ઉમેદવારોને ફગાવી દેવાનો અધિકાર ભારતીય નાગરિકોને બંધારણમાં આપવામાં આવેલા વાણી સ્વતંત્રતાના અધિકારના ભાગરૂપે છે. લોકશાહીમાં તમામ પસંદગી હોવી જોઈએ. નાગરિકોને નકારાત્મક મતદાન કરવાનો પણ અધિકાર રહેલો છે. ચૂકાદાના ઓપરેટીંવ ભાગને વાંચતા આ મુજબની વાત કરી હતી. નો ઓપ્શન કેટેગરી હેઠળ આપવામાં આવેલા મતની ગુપ્તતા ચૂંટણી પંચ દ્વારા જાળવવામાં આવશે. સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાના સંબંધમાં જુદા જુદા રાજકીય પક્ષો તરફથી નારાજગી વ્યક્ત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે નકારાત્મક વોટિંગથી વ્યવસ્થામાં ફેરફાર થશે અને યોગ્ય ઉમેદવારો મૂકવાની રાજકીય પક્ષોને ફરજ પડશે.

## સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે જુદા જુદા રાષ્ટ્રીય પક્ષોની પ્રતિક્રિયા

નવી દિલ્હી,તા. ૨૭

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા આજે કહ્યુ હતુ કે મતદારોની પાસે નકારાત્મક મત આપીને ચૂંટણી લડી રહેલા તમામ ઉમેદવારોને અસ્વીકાર કરવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા બાદ ચૂંટણી સુધારની દિશામાં આને મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવે છે. જુદા જુદા રાજકીય પક્ષોએ કઈ પ્રતિક્રિયા આપી છે તે નીચે મુજબ છે.

**મુખ્તાર અબબાસ નકવી - (ભાજપ)**

રાઈટ ટુ રિકોલ અને રાઈટ ટુ રિજેક્ટ ઉપર હંમેશા ચર્ચા થતી રહે છે. સરકારે આ મામલામાં અનેક સમિતિઓની રચના પણ કરી છે જેના મામલે ઘણા અહેવાલ પણ આપવામાં આવ્યા છે. ભાજપે આ મામલામાં સરકારને ઘણા સૂચનો કરેલા છે. ચૂંટણી સુધારની દિશામાં સરકારને તરત પગલા લેવા જોઈએ. ચૂંટણી સુધારા આ સૌથી મોટી જરૂરિયાત બની ગઈ છે.

**કેસી ત્યાગી - (જેડીયુ પ્રવક્તા)**

દેશમાં હાલ રાજનીતિમાં અપરાધીકરણ અને ભ્રષ્ટાચારની સામે જંગ જારી છે આવી સ્થિતિમાં સામાન્ય લોકોને પણ પોતાનો અભિપ્રાય આપવાનો હક મળશે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાનું સન્માન કરવું જોઈએ.

**સંજય પારીખ - (અરજી કરનારના વકીલ)**

દેશના હિતમાં આ ખૂબ મહત્વપૂર્ણ પગલું છે. મતદારોને આ કાયદાથી રાજકીય ગંદકીને દૂર કરવામાં મદદ મળશે. આ ખૂબજ સકારાત્મક કાયદો છે. આનાથી રાજકીય દળોને પણ સ્પષ્ટ સંદેશો જશે કે દેશની જનતા ઈચ્છે છે કે રાજકારણમાં ઈમાનદાર લોકો પ્રવેશ કરે.

**બલવીર પુંજ - (ભાજપ નેતા)**

મતદારોને વધારાનો વિકલ્પ મળશે. જે લોકોને લોકતંત્રમાં વિશ્વાસ છે તે લોકોને મોટી રાહત થશે અને આ કાયદાનું સન્માન કરશે. લોકશાહીના અસલી માલિક મતદારો છે. જો કોઈ કાયદા અથવા તો વ્યવસ્થાથી મતદારોના અધિકારમાં વધારો થાય છે તો તેનું સ્વાગત થવું જોઈએ.

**અરવિંદ કેજરીવાલ - (આમ આદમી પાર્ટી)**

આ કાયદો દેશને સાફ સુથરી રાજનીતિની તરફેણમાં છે. આમ આદમી પાર્ટીએ પહેલાથી જ નિર્ણય કર્યો હતો કે કોઈ પણ કલંકિત ઉમેદવારને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે નહીં. ભાજપ અને બીજા પક્ષોની બોલવા અને કામ કરવાની રીતમાં ફરક છે.

**પ્રશાંત ભૂષણ - (વરિષ્ઠ વકીલ)**

આજે અનેક લોકો કહી રહ્યા છે કે આ કાયદો ખૂબજ શ્રેષ્ઠ છે પરંતુ લોકોના મતને ધ્યાનમાં લેવામાં આવે તો લોકો પહેલાથી જ આવી ઈચ્છા ધરાવતા હતા. સરકાર કટિબદ્ધ છે તો આ સંબંધમાં વટહુકમ લાવીને કાયદો બનાવવો જોઈએ.

**માયાવતી - (બહુજન સમાજ પાર્ટી)**

સુપ્રીમ કોર્ટના ફેંસલાનું તેમની પાર્ટી સ્વાગત કરે છે. બંધારણના નિર્માતા ડોક્ટર બાબા સાહેબ ભીમરાવ આંબેડકર પણ આવી જ ઈચ્છા ધરાવતા હતા.

**એન ગોપાલસ્વામી - (પૂર્વ ચૂંટણી કમિશનર)**

આ સંબંધમાં હજુ સુધી કોઈ કાયદો બન્યો નથી અને કાયદામાં કોઈ સુધારો કરાયો નથી. જો કોઈ વ્યક્તિ મતદાન કરવા ઈચ્છુક નથી તો હજુસુધી એવી જ જોગવાઈ હતી કે વ્યક્તિની ઓળખ જાહેર થઈ જતી હતી. ઈવીએમમાં રિજેક્ટનો વિકલ્પ નહીં હોવાથી વોટરની ઓળખ જાહેર થવાનો ભય હતો. હવે ઈવીએમમાં આવો વિકલ્પ હોવાથી વોટરની ઓળખ જાહેર થશે નહીં.

## બજાજ ઓટો કંપની તેની બાઈકની કિમતો વધારશે

મુંબઈ,તા. ૨૭

મોટર સાઈકલ બનાવતી મહકાય કંપની બજાજ ઓટો લિમિટેડે વધતાજતા ઉત્પાદન ખર્ચને પહોંચી વળવાના હેતુસર નજીકના ભવિષ્યમાં તેના વાહનોની કિંમતમાં ટૂંક સમયમાં જ વધારો કરશે. ડોલર સામે રૂપિયો ગગડી જતા અને ઉત્પાદન ખર્ચ વધી જતા બજાજને બાઈકોની કિમત વધારવાની ફરજ પડશે. બજાજ ઓટોના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ બજાજે આજે આ મુજબની જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે અમે કોમોડિટીની કિંમતો સતત વધી રહી છે જેથી કિંમતો વધારવા જઈ રહ્યા છીએ. તેમણે ઉમેર્યુ હતુ કે બાઈકોની કિમતમાં કેટલો વધારો કરાશે તે અંગે ટૂંક સમયમાં જ નિર્ણય કરાશે. બજાજની બાઈકોનું વેચાણ તીવ્રરીતે વધી રહ્યુ છે આવી સ્થિતિમાં કિમતો વધારવાની જાહેરાત કર્યા બાદ નવા ખરીદારોમાં પણ નવા આયોજનની જરૂર પડશે. રાજીવ બજાજ બિઝનેસ કોન્ફરન્સમાં વાત કરી રહ્યા હતા. કાર બનાવતી કંપનીઓ પણ વધતા જતા ઉત્પાદન ખર્ચને લઈને પરેશાન થયેલી છે.

## દોષિતોને બચાવી લેવા લવાયેલા વટહુકમને અંતે રાહુલે ફગાવ્યો

**રાહુલ ગાંધીના નિવેદનથી યુપીએ સરકાર અંતે ફસાઈ : વટહુકમની નકલને ફાડીને ફેંકી દેવા રાહુલનું સૂચન : વટહુકમ બિલકુલ અયોગ્ય હોવાનો મત**

નવી દિલ્હી,તા. ૨૭

યુપીએ સરકારનો વધુ મુશ્કેલીમાં મુકે તેવા એક ઘટનાક્રમમાં રાહુલ ગાંધીએ આજે અપરાધી સાંસદો અને ધારાસભ્યો અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદાને બિનઅસરકારક બનાવતા વિવાદાસ્પદ વટહુકમને ફગાવી દીધો હતો અને કહ્યુ હતુ કે અમારી સરકાર પણ ખોટુ કામ કરી ચુકી છે. રાહુલ ગાંધીના આ નિવેદનથી તમામને આશ્ચર્ય થયુ છે. સજા પામેલા સાંસદો અને ધારાસભ્યોની મેમ્બરશીપને જાળવી રાખવા માટે લાવવામાં આવેલા વિવાદાસ્પદ વટહુકમ પર યુપીએ સરકાર ફસાઈ ગઈ છે અને આ વટહુકમને પરત લેવામાં આવે તેવા સંકેત પણ હવે દેખાઈ રહ્યા છે. રાહુલ ગાંધીએ ખુલ્લીરીતે આ વટહુકમનો વિરોધ કર્યા બાદ એમ માનવામાં આવે છે કે સરકાર રાષ્ટ્રપતિની પાસે મોકલવામાં આવેલા આ વટહુકમને પરત લઈ લેશે. આજે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ હતુકે સરકારે દોષિત સાંસદો અને ધારાસભ્યોને બચાવી લેવા માટે વટહુકમ લાવીને યોગ્ય કામ કર્યુ નથી. તેમણે કહ્યુ હતુ કે સરકાર અને પાર્ટીને તેઓ એવી વિનંતી કરવા માંગે છે કે આ વટહુકમ સંપૂર્ણપણે અયોગ્ય છે અને તેની નકલને ફાડીને ફેંકી દેવી જોઈએ. રાહુલ ગાંધીના આ નિવેદન બાદ સરકાર માટે આ વટહુકમને આગળ વધારવાની બાબત મુશ્કેલરૂપ બની ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન મનમોહનસિંહને પણ નવા ઘટનાક્રમથી વાકેફ કરાવી દેવામાં આવ્યા છે. આ વટહુકમ સરકાર પરત ખેંચી લેશે તેમ માનવામાં આવે છે. પત્રકાર પરિષદમાં રાહુલના નિવેદન પહેલા કોંગ્રેસના મીડિયા સેલના પ્રમુખ અજય માકન સરકારનો બચાવ કરી રહ્યા હતા અને ભાજપ પર બેવડા માપદંડનો આક્ષેપ કરી રહ્યા હતા. માકને એમ પણ કહ્યુ હતુ કે ભાજપે સર્વપક્ષીય બેઠકમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને બદલવા સાથે સંબંધિત કાયદામાં ફેરફાર કરવાની તરફેણ કરી હતી અને હવે નવા નિવેદન કરી રહ્યા છે. આવી સ્થિતિમાં બપોરના ગાળામાં પોણા બે વાગ્યાની આસપાસ પત્રકાર પરિષદમાં રાહુલે એન્ટ્રી કરી હતી અને કહ્યુ હતુ કે માકને તેઓને પાર્ટીલાઈન અંગે કહ્યુ છે પરંતુ તેઓ પોતે માને છે કે સરકારે આ વટહુકમ લાવીને ખોટુ કામ કર્યુ છે. આ નિવેદન કર્યા બાદ રાહુલે કોઈ પણ પ્રશ્નોનો જવાબ આપ્યો ન હતો. અને ઉભા થઈને જતા રહ્યા હતા. રાહુલના નિવેદન સંબંધમાં માકનને પૂછવામાં આવતા તેમણે કહ્યુ હતુકે રાહુલ ગાંધીએ જે કહ્યુ છે પાર્ટીનો મત છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૩મી ઓગસ્ટના દિવસે સર્વપક્ષીય મિટિંગ મળી હતી જેમાં સરકારે દાવો કર્યો હતો કે મુખ્ય વિરોધ પક્ષ ભાજપે પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસરકારકતાને ઘટાડી દેવા માટે આ કાયદા અને વટહુકમની તરફેણ કરી હતી. જો કે મંગળવારના દિવસે વટહુકમને કેબિનેટે મંજુર કર્યા બાદ ભાજપે આનો વિરોધ કર્યો હતો.

## કોલસા કૌભાંડમાં ઉદ્યોગપતિ જિંદાલની કડક પૂછપરછ થઈ

નવી દિલ્હી,તા. ૨૭

સમગ્ર દેશને હચમચાવી મૂકનાર કોલસા કાંડ કૌભાંડના સંબંધમાં કોંગ્રેસના સાંસદ અને ઉદ્યોગપતિ નવીન જિંદાલની સીબીઆઈએ આકરી પૂછપરછ કરી છે. ત્રણ મહિના સુધી રાહ જોયા બાદ સીબીઆઈને આખરે નવીન જિંદાલની પૂછપરછ કરવાની તક મળી ગઈ હતી. નવીન જિંદાલની ગુપ્ત સ્થળ ઉપર સીબીઆઈના ગેસ્ટ હાઉસમાં પૂછપરછ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આ પૂછપરછ કલાકો સુધી ચાલી હતી. તેમની કંપનીને કોલસા બ્લોકની ફાળવણીમાં તેમની ભૂમિકા અંગે સીબીઆઈના અધિકારીઓ દ્વારા પ્રશ્નો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. વર્ષ ૨૦૦૮માં ઝારખંડમાં અમર પોન્ડા મુર્ગા દંગલ કોલસા બ્લોક મેળવવામાં છેતરપિંડી અને ફોજદારી કાવતરા બદલ ભૂતપૂર્વ કોલસા રાજ્ય પ્રધાન દસરી નારાયણ રાવની સાથે જિંદાલ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

સૂત્રોએ કહ્યું છે કે સીબીઆઈના અધિકારીઓએ અન્ય ઘણા પ્રશ્નો કરીને નવીન જિંદાલની મુશ્કેલીઓ વધારી હતી. કોંગ્રેસના એક નેતા તરીકે સ્ક્રીનીંગ કમીટિના નિર્ણયમાં ભૂમિકા ભજવી હતી કે કેમ તેવા પ્રશ્નો પણ કરવામાં આવ્યા હતા. તેમની કંપનીની તરફેણ કરવા બદલ જંગી લાંચ ચૂકવવામાં આવી હોવાના પણ અગાઉ અહેવાલ આવ્યા હતા. સીબીઆઈના અધિકારીઓએ જિંદાલની પૂછપરછના સંબંધમાં હજુ સુધી કોઈ માહિતી આપી નથી પરંતુ સૂત્રોએ કહ્યું છે કે જિંદાલની છ કલાક સુધી પૂછપરછ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં એક આરોપી હોવાના પરિણામે જિંદાલની ફરી પૂછપરછ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

જિંદાલ સ્ટીલ અને પાવર લિમિટેડ દ્વારા પણ તેમની પૂછપરછના સંબંધમાં કોઈ વાત કરવામાં આવી નથી. તપાસ દરમિયાન તત્કાલીન રાજ્ય પ્રધાનનું એફઆઈઆરમાં નામ આરોપી તરીકે આવ્યું હતું જેમાં એવો આક્ષેપ કરાયો હતો કે જિંદાલની કંપનીઓ પૈકીની એક તરફથી મૂડીરોકાણ તરીકેની રકમ મળી હતી. સીબીઆઈના સૂત્રોનું એમ પણ કહેવું છે કે જિંદાલની ઘણી કંપનીઓ છે જેમાં પૂછપરછને લઈને ખળભળાટ મચી ગયો છે.

## ત્રાસવાદી હુમલાની સામે જમ્મુ બંધની માઠી અસર

જમ્મુ,તા. ૨૭

જમ્મુ પ્રદેશમાં બે આતંકવાદી હુમલા સામેના વિરોધમાં ભાજપના રાજ્ય એકમ દ્વારા આજે બંધની હાંકલ કરવામાં આવી હતી જેને કારણે દુકાનો, વેપારી પેઢીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ઓફિસો બંધ રહી હતી. ગઈકાલે કરાયેલા આ હુમલામાં આર્મી ઓફિસર સહિત ૧૩ લોકોના મોત થયા હતા. ડિવિજનલ સત્તાવાળાઓએ સાવચેતીના પગલારૂપે તમમ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને બંધ રાખવાનો આદેશ જારી કર્યો હતો. જમ્મુ, સાંભા, કથુઆ, ઉધમપુર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી હતી. ગઈકાલે આતંકવાદીઓ વહેલીસવારે ભીષણ હુમલો કરી દીધો હતો. આજે જાહેર રસ્તાઓ પર ખાનગી વાહનો જ નજરે પડ્યા હતા. પોલીસે પહેલાથી જ તમામ જગ્યાઓએ સુરક્ષા વધારી દીધી હતી. ગુરુવારના દિવસે આતંકવાદીઓએ હિરાનગર પોલીસ સ્ટેશન અને ત્યારબાદ આર્મી કેમ્પ પર હુમલો કર્યો હતો. જેમાં બે નાગરિક ઉપરાંત ૧૧ સુરક્ષા જવાનોના મોત થયા હતા.

## હિમાચલમાં બસ અકસ્માત થતાં ૧૯ના કરુણ મોત થયાં

સિમલા,તા. ૨૭

હિમાચલ પ્રદેશના સિરમોર જિલ્લામાં બસ અકસ્માતમાં આજે સવારે ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા જે પૈકી કેટલાક અતિ ગંભીર હોવાથી મોતનો આંકડો વધી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સિરમોર જિલ્લામાં રણસુવા-જબરોગ ગામ નજીક ૬૦૦ ફૂટ ઊંડી ખીણમાં બસ ખાબકી જતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ૨૦ યાત્રીઓ સાથેની આ બસ ઊંછા ઠક્કરથી રેણુકા તરફ જઈ રહી હતી ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે બસ પણ બે ભાગમાં વિભાજિત થઈ ગઈ હતી અને લોકોના ઓળખાય નહીં તે હદે મોત થયા હતા. અકસ્માતમાં ૧૮ લોકોના તો ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા બાદ વધુ એકનું મોત થયું હતું. સિરમોરના ડેપ્યુટી કમીશનર વિકાસ લબરુએ ઘટના સ્થળેથી કહ્યું હતું કે બચાવ અને રાહત કામગીરી બનાવની જાણ થયા બાદ તરત જ હાથ ધરવામાં આવી હતી. ૧૮ મૃતદેહો ખીણમાંથી કાઢી લેવામાં આવ્યા છે. જ્યારે ગંભીરરીતે ઘાયલ થયેલાઓને દાદાહુ ખાતેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક ટીમોએ પણ બચાવ કામગીરીમાં મદદ કરી હતી. મૃતદેહોને જુદી જુદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે માર્ગો ખરાબ થઈ જવાના લીધે બચાવ કામગીરી આડે અચડણ આવી હતી. અકસ્માતના મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. હિમાચલના રાજ્યપાલ ઉર્મિલાસિંહ, મુખ્યમંત્રી વીરભદ્રસિંહ, પરિવહન પ્રધાન જી એસ બાલીએ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યુંછે અને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર આપવા સૂચના આપી છે.

## સમાચાર ઝલક

- વૈષ્ણોદેવીની યાત્રા પર આતંકવાદીઓની નજર.
- કેન્યામાં વધુ હુમલા કરવાની અલ શબાબની ધમકી.
- મનમોહનસિંહ-બરાક ઓબામા વચ્ચે મહત્ત્વની યોજનાનો એજન્ડા.
- ૬ મહિનામાં દેશભરમાં મોબાઇલ નંબર પોર્ટીબિલીટી રહેશે.
- સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘરાજા ઓળઘોળ, કુદરતની કયાંક મહેર તો કયાંક કહેર.
- ગુજરાત, બિહાર, ઓરિસ્સા અલ્પવિકસિત રાજયો : રાજન પેનલનો અહેવાલ.
- નેતાઓએ ડેમો ભરવા વચનો આપ્યા હતા, જયારે કુદરતે ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રના ડેમો છલકાવી દીધા.
- કપાસના ઉત્પાદનમાં સરેરાશ ફાયદો, શિયાળુ પાક વધારે થશે.
- સાતમા વેતનપંચને લાગુ કરતા સરકાર પર ૧ લાખ કરોડનો બોજો પડશે.
- આજે સીઆઇડી શોનાં ૧૦૦૦ એપિસોડ પુરા થશે.
- નેશનલ ડેરી બોર્ડના ચેરમેન ડો. અમિતા પટેલને એગ્રીકલ્ચર લીડરશીપનો લાઇફટાઇમ એચીવમેન્ટનો એવોર્ડ.
- કેન્યા હુમલામાં ઘાયલોમાં ગુજરાતીઓની સંખ્યા વધારે છે.
- જમ્મુમાં શહીદોના માનમાં બંધનું એલાન.
- વડોદરા-મુંબઇમાં મકાનો ધરાશાયી બન્યા.
- વોટીંગ વખતે ‘રાઇટ ટુ રિજેક્ટ’નો અમલ કરવા સુપ્રીમનો ચૂંટણીપંચને આદેશ.
- ફિલ્મ અભિનેતા રણવીરસિંહને ડેન્ગ્યુ થયો.
- ધોનીએ ૧૯ બોલમાં ૬૩ રન રાંચી સ્ટેડિયમમાં ફરકાર્યા.
- હિમાચલ પ્રદેશમાં બસ ખાઇમાં પડી જતાં ૨૦ વ્યક્તિઓમાં મોત.
- ૨૦૧૧ના બોંબ વિસ્ફોટના આરોપી શહેજાદનો નિર્દોષ છુટકારો.

## આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

ત્સુનામીનું આ તોફાન ત્રણ વખત આવ્યું તે સાથે સમુદ્રનું વિષાક્ત પાણી અને સમુદ્રની ગંદકી તેણે કિનારા પર ફેંકી દીધી. જે જોઇ માનવો હચમચી ગયા અને ગભરાયા. તેમાંથી એક વાત સ્પષ્ટ થઇ કે સમુદ્ર હોય કે નદીઓ પોતાને તે સ્વચ્છ રાખવા માંગે છે. જેથી માણસો, પશુઓ અને પક્ષીઓ આ કુદરતી સ્ત્રોતોનો લાભ લઇ શકે. ત્યારે મને તો લાગે છે કે માનવ દ્વારા આ સ્ત્રોતોને ગંદા કરવાની પ્રવૃતિ માટે કુદરતનો આ સુનામી રૂપી તમાચો છે. જે સ્વચ્છતાનું ધ્યાન રાખતાં નથી અને સમુદ્ર તેમજ નદીઓમાં ગંદકી ઠાલવે છે. ત્સુનામી ઘણા લાંબા સમય બાદ આવે છે. અહીં આંદામાન અને નિકોબાર વાસીઓએ સેંકડો વર્ષો પછી સુનામીની આ વિકરાળતા જોઇ. અને આમ જોઇએ તો કેટલી દુઃખદ બાબત છે કે દરેક જણ ગમે તે ગંદી વસ્તુઓ આરામથી નદી કે સમુદ્રમાં ફેંકી દે છે. જયાંથી તે આનંદ મેળવે છે. જે સ્ત્રોતોમાંથી પોતાની ભૂખ તરસ છીપાવે છે, શરીરને સ્વચ્છ કરે છે, ધાર્મિક વિધિઓ સંપન્ન કરે છે. તે જ સ્ત્રોતોમાં ગંદકી ઠાલવીને તેને ગંદા કરે છે.

શક્તિની આ વાત સાંભળતા રીયાએ ચોકલેટ ખાઇ ને તેનો કાગળ નીચે ફેંકેલો તે ઉપાડી લીધો. મને થયું કે આ વાત સાંભળીને આ બાળકીમાં આટલી સમજ આવી ગઇ તે આપણા સૌમાં આવી જાય તો પર્યાવરણને થતું કેટલું બધું નુકશાન અટકી જાય.

શક્તિ, ત્સુનામી પછી જે પરિસ્થિતિ ઊભી થઇ તેમાં વેરણછેરણ થયેલ જનજીવન અને નષ્ટ થયેલ આ વિસ્તારનું દિવસો સુધી શું થયું હશે તે વિચારતાં કરી મુકી તેવું છે. અહીં કોઇની મદદ કે રાહત મળતાં પણ બહુ વાર લાગી હશે ખરૂં ને? - મેં પૂછ્યું.

હાં સર, તમારી વાત બિલકુલ સાચી છે. જો તે ત્સુનામી દરમિયાન ભારતીય વાયુ સેનાના જવાનોએ પ્રંશસનીય કામગીરી કરેલી. હજારો લોકોને તેમને દૂર દૂરના ટાપુઓ પરથી અહીં પોર્ટ બ્લેર લાવવાનો પ્રયાસ કર્યો. તે પછી તેમને ચેન્નાઇ કે કલકત્તા વિમાની મથકોએ સુરક્ષિત પહોંચાડ્યા. જેથી જે લોકો પોતપોતાને ઘેર અથવા સંબંધીઓને મળવા માંગતા હોય તે મળી શકે.

ત્સુનામી પછીની પરિસ્થિતિ તો ખરેખર ખુબ વિકટ હશે ખરૂં ને?

હા, સર, જયાં જુઓ ત્યાં રઝળતી લાશો, તૂટેલાં મકાનો, ફૂલીને ફાટી ગયેલાં પ્રાણીઓ ને પક્ષીઓના મૃતદેહો એ દૃશ્યો કમકમાટી ઉપજાવનારાં હતા. તે સમયે લશ્કરના જવાનોએ યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ઉઠાવી લીધેલી. સ્થાનિક બચી ગયેલા લોકોનો સાથ સહકાર લઇને સાફસફાઇ અને મૃતદેહોનો નિકાલ ઝડપભેર કરેલો. વળી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો પણ અહીં આવેલા. તેમણે કપડાં અને જીવન જરૂરિયાતની ચીજોનું વિતરણ કરેલું. આમાં અખબારો અને મીડીયાના માણસોએ જીવ જોખમે અહીંના અહેવાલો જુદા જુદાં માધ્યમો દ્વારા પ્રસારિત કરતાં સુનામીની હૃદયને ધ્રુજાવનારી સ્થિતિથ વિશ્વને વાકેફ કરતાં સમગ્ર દુનિયાના લોકોની સહાનુભૂતિ અને મદદ મળેલી જેના કારણે આજે આ આંદામાન, નિકોબાર ટાપુઓ ફરી એકવાર તેના નવસર્જન અને વિકાશની દિશામાં આગળ વધ્યા છે. તેમાં સૌંદર્યથી અભિભૂત પ્રવાસીઓની સંખ્યા વધતી રહી છે. જે અમારા જેવા લોકો માટે રોજગારીનું સાધન બની છે. તમે આ જુઓ છો તે ત્સુનામી સ્મૃતિ સ્મારક છે.

ત્સુનામીના એ સ્મારક પાસે હૃદયાંજલિ અર્પણ કરી અમે સૌ હોટલ તરફ જવા નીકળ્યાં.

(ક્રમશઃ)